# આલોચનાદિ પદ

શ્રેયસ પ્રચારક સભા
મુંબઈ

# આલોચનાદિ પદ

શ્રેયસ પ્રચારક સભા
મુંબઈ

: પ્રકાશક :

શ્રેયસ પ્રચારક સભા વતી

**શ્રી જે. બી. મોદી, પ્રમુખ**

Eragon Ventures Ltd.

804, 8th Floor, Lodha Supremes, Dr. E. Moses Road,

Worli Naka, Worli, Mumbai - 400 018.

: પ્રાપ્તિસ્થાન :

શ્રેયસ પ્રચારક સભા
C/o : પ્રેમપુરી આશ્રમ,
બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૭.
ફક્ત ગુરૂવારે બપોરે ૧.૦૦ થી ૨.૪૫
ફોન C/o : ૯૭૦૨૩ ૯૬૦૦૦
*Email : info@shrikevliprabhunosaath.org*

શ્રી યોગેશ જૈન
પ્રયાગ- એ, ૮મે માળે,
શ્રોફ રોડ, ચર્ચની સામે,
સર હરિલાલ ગોસલિયા માર્ગ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ટેલીફોન : (૦૨૮૧) ૨૪૫૧૯૩૮

Ami Thakor
6885, Baird Dr.
Plano, TX 75024, USA
Tel : (C) 469 - 644 8965
(H) 972 - 491-75551

જયેશ જે. દોશી
૩ -૪, મિહિર પાર્ક સોસાયટી,
જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦
ટેલીફોન: (૦૨૬૫) ૨૩૪૦૮૫૦
૦૯૪૨૬૫ ૧૨૮૬૫

: મુદ્રક :
રાજેશ પ્રિન્ટર્સ
૧૭૧-એ, ખાડીલકર રોડ,
ગિરગામ, મુંબઈ - ૪૦૦૦૦૪.
મોબાઈલ : ૯૭૦ ૨૦૭૦ ૩૫૨

સંવત ૨૦૮૦
ઈ. સ. ૨૦૨૩

# અનુક્રમણિકા


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | મંગળાચરણ | ૧ |
| ૨. | શ્રી જિનેશ્વરની વાણી | ૨ |
| ૩. | શ્રી સદગુરૂભક્તિ રહસ્ય (હે પ્રભુ, હે પ્રભુ) | ૨ |
| ૪. | કૈવલ્યબીજ શું ? (યમ નિયમ) | ૪ |
| ૫. | મેરી ભાવના | ૬ |
| ૬. | લઘુ આલોચના | ૮ |
| ૭. | શ્રી બૃહદ્ - આલોચના | ૧૨ |
| ૮. | ક્ષમાપના પાઠનું પદ્ય | ૩૪ |
| ૯. | ક્ષમાપના ગદ્ય (શિક્ષાપાઠ ૫૬) | ૩૬ |
| ૧૦. | કીધાં હશે કુકર્મ દેહે | ૩૭ |
| ૧૧. | મિચ્છા મિ દુક્કડં | ૩૮ |
| ૧૨. | અશુદ્ધાત્માની પ્રાર્થના | ૩૮ |
| ૧૩. | ક્ષમાપનાનો પત્ર (પત્રાંક ૧૨૮) | ૪૧ |
| ૧૪. | શ્રી અમિતગતિ સામાયિક | ૪૪ |

ૐ

## શ્રીમદ્ સદ્‌ગુરવે નમોનમ:

# મંગળાચરણ

(હરિગીત છંદ)

અહો શ્રી સત્‌પુરુષકે વચનામૃતમ્ જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્‌સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ્;
ગિરતી વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલ સદ્‌ગુણ કોષ હૈ.

સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપમેં સ્થિતિ કરાવનહાર હૈ.

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ;
ગુરુભક્તિસેં લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ.

એમ પ્રણમી શ્રી ગુરુરાજકે પદ આપ-પરહિતકારણમ્,
જયવંત શ્રી જિનરાજવાણી કરું તાસ ઉચ્ચારણમ્;
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐક્યતા લહી સહી સો નિજ પદ લહે.

----------

# શ્રી જિનેશ્વરની વાણી

(મનહર છંદ)

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નયનિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો! રાજચંદ્ર, બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.
(ગુરુરાજ તણી વાણી જાણી તેણે જાણી છે)

---

# શ્રી સદ્ગુરુભક્તિ રહસ્ય

(ભક્તિના વીસ દોહરા)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;
આપ તણો વિશ્વાસ દ્રઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહીં, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહીં, નહીં ભજન દ્રઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહીં શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો. નહીં મર્યાદા ધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહીં ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એકે સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહીં ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહીં નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તું જ, એ દ્રઢતા કરી દે જ. ૨૦

---

## કૈવલ્યબીજ શું ?

(તોટક છંદ)

યમ નિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨

સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યોં ન બિચારત હૈ મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે ? ૪

કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં, જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં, મનસેં, ધનસેં, સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરસાવહિંગે, ચતુરાંગુલ હે દ્રગસે મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જીવહી. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસેં;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દીયે. ૮

---

# મેરી ભાવના

જિસને રાગદ્વેષકામાદિક જીતે, સબ જગ જાન લિયા,
સબ જીવોં કો મોક્ષમાર્ગકા, નિઃસ્પૃહ હો ઉપદેશ દિયા;
બુધ્ધ વીર જિન હરિ હર બ્રહ્મા, યા ઉસકો સ્વાધીન કહો,
ભક્તિભાવસેં પ્રેરિત હો યહ, ચિત્ત ઉસીમેં લીન રહો. ૧

વિષયોંકી આશા નહીં જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં,
નિજ પરકે હિત સાધનમેં જો, નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગતકે, દુઃખસમૂહકો હરતે હૈં. ૨

રહે સદા સત્સંગ ઉન્હીંકા, ધ્યાન ઉન્હીંકા નિત્ય રહે,
ઉનહી જૈસી ચર્યામેં યહ, ચિત્ત સદા અનુરક્ત રહે;
નહીં સતાઊં કિસી જીવકો, જૂઠ કભી નહીં કહા કરું,
પરધન વનિતા પર ન લુભાઊં, સંતોષામૃત પિયા કરું. ૩

અહંકારકા ભાવ ન રકખૂં, નહીં કિસી પર ક્રોધ કરું,
દેખ દૂસરોંકી બઢતીકો, કભી ન ઈર્ષા-ભાવ ધરું;
રહે ભાવના ઐસી મેરી, સરલ સત્ય વ્યવહાર કરું,
બને જહાં તક ઈસ જીવનમેં, ઔરોંકા ઉપકાર કરું. ૪

મૈત્રીભાવ જગતમેં મેરા, સબ જીવોંસે નિત્ય રહે,
દીન દુઃખી જીવોં પર મેરે, ઉરસે કરુણાસ્રોત બહે;
દુર્જન-ક્રૂર-કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝકો આવે,
સામ્યભાવ રકખૂં મૈં ઉન પર, ઐસી પરિણતિ હો જાવે. ૫

ગુણીજનોં કો દેખ હૃદયમેં, મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાં તક ઉનકી સેવા, કરકે યહ મન સુખ પાવે;
હોઊં નહીં કૃતઘ્ન કભી મૈં, દ્રોહ ન મેરે ઉર આવે,
ગુણ-ગ્રહણકા ભાવ રહે નિત, દ્રષ્ટિ ન દોષો પર જાવે. ૬

કોઈ બુરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખો વર્ષો તક જીઊં યા, મૃત્યુ આજ હી આ જાવે;
અથવા કોઈ કૈસા હી ભય, યા લાલચ દેને આવે,
તો ભી ન્યાય માર્ગસે મેરા, કભી ન પગ ડિગને પાવે. ૭

હોકર સુખમેં મગ્ન ન ફૂલે, દુઃખમેં કભી ન ઘબરાવે,
પર્વત નદી સ્મશાન ભયાનક, અટવીસે નહીં ભય ખાવે;
રહે અડોલ અકંપ નિરંતર, યહ મન દ્રઢતર બન જાવે,
ઈષ્ટવિયોગ-અનિષ્ટયોગમેં, સહનશીલતા દિખલાવે. ૮

સુખી રહે સબ જીવ જગતકે, કોઈ કભી ન ઘબરાવે,
વૈર પાપ - અભિમાન છોડ જગ, નિત્ય નયે મંગલ ગાવે;
ઘર ઘર ચર્ચા રહે ધર્મકી, દુષ્કૃત દુષ્કર હો જાવે,
જ્ઞાન ચરિત ઉન્નત કર અપના, મનુજ જન્મફલ સબ પાવે. ૯

ઈતિ-ભીતિ વ્યાપે નહીં જગમેં, વૃષ્ટિ સમયપર હુઆ કરે,
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી, ન્યાય પ્રજાકા કિયા કરે;
રોગ-મરી-દુર્ભિક્ષ ન ફૈલે, પ્રજા શાંતિસે જિયા કરે,
પરમ અહિંસા-ધર્મ જગતમેં, ફૈલ સર્વ હિત કિયા કરે. ૧૦

ફૈલે પ્રેમ પરસ્પર જગમેં, મોહ દૂરી પર રહા કરે,
અપ્રિય કટુક કઠોર શબ્દ નહીં, કોઈ મુખસે કહા કરે;
બનકર સબ 'યુગ-વીર' હૃદયસે, દેશોન્નતિરત રહા કરે,
વસ્તુસ્વરૂપ વિચાર ખુશીસે, સબ દુઃખ-સંકટ સહા કરે. ૧૧

-----------

# આલોચના પાઠ

## (લઘુ આલોચના)

### દોહા

વંદો પાંચૌં પરમગુરુ, ચૌવીસૌં જિનરાજ;
કહું શુદ્ધ આલોચના, શુદ્ધિ કરનકે કાજ. ૧.

### સખી છંદ (૧૪ માત્રા)

સુનિયે જિન અરજ હમારી, હમ દોષ કિયે અતિ ભારી;
તિનકી અબ નિવૃત્તિ કાજા, તુમ શરન લહી જિનરાજા. ૨

ઈક બે તે ચઉ ઈન્દ્રી વા, મન-રહિત-સહિત જે જીવા;
તિનકી નહિ કરુના ધારી, નિરદઈ વ્હૈ ઘાત વિચારી. ૩

સમરંભ સમારંભ આરંભ, મન વચ તન કીને પ્રારંભ;
કૃત કારિત મોદન કરિકૈં, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈં. ૪

શત આઠ જુ ઈમ ભેદનતૈં, અઘ કીને પર છેદનતૈં;
તિનકી કહું કોલૌં કહાની, તુમ જાનત કેવલજ્ઞાની. ૫

વિપરીત એકાંત વિનયકે, સંશય અજ્ઞાન કુનયકે;
વશ હોય ઘોર અઘ કીને, વચતૈં નહિ જાત કહીને. ૬

કુગુરુનકી સેવ જુ કીની, કેવલ અદયાકર ભીની;
યા વિધિ મિથ્યાત ભ્રમાયો, ચહું ગતિમધિ દોષ ઉપાયો. ૭

હિંસા પુનિ જુઠ જુ ચોરી, પરવનિતાસોં દ્રગ જોરી;
આરંભ પરિગ્રહ ભીનો, પન પાપ જુ યા વિધિ કીનો. ૮

સપરસ રસના ઘ્રાનનકો, ચખ કાન વિષય સેવનકો;
બહુ કરમ કિયે મનમાને, કછુ ન્યાય અન્યાય ન જાને. ૯

ફલ પંચ ઉદંબર ખાયે, મધુ માંસ મદ્ય ચિત્ત ચાહે;
નહિ અષ્ટ મૂલગુણધારી, વિસન જુ સેયે દુ:ખકારી. ૧૦

દુઈબીસ અભખ જિન ગાયે, સો ભી નિશદિન ભુંજાયે;
કછુ ભેદાભેદ ન પાયો, જ્યોં ત્યોં કર ઉદર ભરાયો. ૧૧

અનંતાન જુ બંધી જાનો, પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનો;
સંજ્વલન ચૌકરી ગુનિયે, સબ ભેદ જુ ષોડશ મુનિયે. ૧૨

પરિહાસ અરતિ રતિ શોગ, ભય ગ્લાનિ તિવેદ સંજોગ;
પનવીસ જુ ભેદ ભયે ઈમ, ઈનકે વશ પાપ કિયે હમ. ૧૩

નિદ્રાવશ શયન કરાઈ, સુપનેમધિ દોષ લગાઈ;
ફિર જાગિ વિષય-વન ધાયો, નાનાવિધ વિષફલ ખાયો. ૧૪

કિયે આહાર નિહાર વિહારા, ઈનમેં નહિ જતન વિચારા;
બિન દેખી ધરી ઉઠાઈ, બિન શોધી ભોજન ખાઈ. ૧૫

તબ હી પરમાદ સતાયો, બહુવિધ વિકલપ ઉપજાયો;
કછુ સુધિ બુધિ નાહિ રહી હૈ, મિથ્યામતિ છાય ગઈ હૈ. ૧૬

મરજાદા તુમ ઢિંગ લીની, તાહૂમેં દોષ જુ કીની;
ભિન ભિન અબ કૈસેં કહિયે, તુમ જ્ઞાન વિષૈં સબ પઈયે. ૧૭

હા ! હા ! મૈં દુઠ અપરાધી, ત્રસજીવનરાશિ વિરાધી;
થાવરકી જતન ન કીની, ઉરમેં કરુણા નહિ લીની. ૧૮

પૃથિવી બહુ ખોદ કરાઈ, મહલાદિક જાગાં ચિનાઈ;
બિનગાલ્યો પુનિ જલ ઢોલ્યો, પંખાતૈં પવન વિલોલ્યો. ૧૯

હા ! હા ! મૈં અદયાચારી, બહુ હરિત જુ કાય વિદારી;
યા મધિ જીવનકે ખંદા, હમ ખાયે ધરી આનંદા. ૨૦

હા ! મૈં પરમાદ બસાઈ, બિન દેખે અગનિ જલાઈ;
તા મધ્ય જીવ જે આયે, તે હૂ પરલોક સિધાયે. ૨૧

વિંધો અન્ન રાતિ પિસાયો, ઈંધન બિનસોધિ જલાયો;
ઝાડૂ લે જાગાં બુહારી, ચિંટીઆદિક જીવ વિદારી. ૨૨

જલ છાનિ જીવાની કીની, સોહૂ પુનિ ડારી જુ દીની;
નહિ જલથાનક પહુંચાઈ, કિરિયા બિન પાપ ઉપાઈ. ૨૩

જલ મલ મોરિનમેં ગિરાયો, કૃમિકુલ બહુ ઘાત કરાયો;
નદિયનિ બિચ ચીર ધુવાયે, કોસનકે જીવ મરાયે. ૨૪

અન્નાદિક શોધ કરાઈ, તામૈં જુ જીવ નિસરાઈ;
તિનકા નહિ જતન કરાયા, ગરિયારે ધૂપ ડરાયા. ૨૫

પુનિ દ્રવ્ય કમાવન કાજે, બહુ આરંભ હિંસા સાજે;
કિયે તિસનાવશ ભારી, કરુના નહિ રંચ વિચારી. ૨૬

ઈત્યાદિક પાપ અનંતા, હમ કીને શ્રી ભગવંતા;
સંતતિ ચિર કાલ ઉપાઈ, વાનીતૈં કહિય ન જાઈ. ૨૭

તાકો જુ ઉદય જબ આયો, નાનાવિધ મોહિ સતાયો;
ફલ ભુંજત જિય દુઃખ પાવે, વચતૈં કૈસેં કરી ગાવે. ૨૮

તુમ જાનત કેવલજ્ઞાની, દુઃખ દૂર કરો શિવથાની;
હમ તો તુમ શરન લહી હૈ, જિન તારન બિરુદ સહી હૈ. ૨૯

જો ગાંવપતિ ઈક હોવૈ, સો ભી દુઃખિયા દુઃખ ખોવૈ;
તુમ તીન ભુવનકે સ્વામી, દુઃખ મેટો અંતરજામી. ૩૦

દ્રૌપદીકો ચીર બઢાયો, સીતા પ્રતિ કમલ રચાયો;
અંજનસે કિયે અકામી, દુઃખ મેટો અંતરજામી. ૩૧

મેરે અવગુણ ન ચિતારો, પ્રભુ અપનો બિરુદ નિહારો;
સબ દોષરહિત કરી સ્વામી, દુઃખ મેટહુ અંતરજામી. ૩૨

ઈન્દ્રાદિક પદવી ન ચાહૂં, વિષયનિમેં નાહિ લુભાઊં;
રાગાદિક દોષ હરીજે, પરમાતમ નિજપદ દીજે. ૩૩

## દોહા

દોષરહિત જિનદેવજી, નિજપદ દીજ્યો મોય;
સબ જીવનકૈં સુખ બઢૈં, આનંદ મંગલ હોય. ૩૪

અનુભવ માણિક પારખી, જૌહરી આપ જિનંદ;
યેહિ વર મોહિ દીજિયે, ચરન શરન આનંદ. ૩૫

---------

# શ્રી બૃહદ્ - આલોચના

(શ્રી લાલાજી રણજીતસિંહજી કૃત)

## દોહા

સિદ્ધ શ્રી પરમાતમા, અરિગંજન અરિહંત;
ઈષ્ટ દેવ વંદુ સદા, ભયભંજન ભગવંત. ૧
અરિહા સિદ્ધ સમરું સદા, આચારજ ઉવજ્ઝાય;
સાધુ સકળકે ચરનકું, વંદુ શિષ નમાય. ૨
શાસન નાયક સમરિયે, ભગવંત વીર જિનંદ;
અલિય[1] વિઘન દૂરે હરે, આપે પરમાનંદ. ૩
અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;
શ્રી ગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલ દાતાર. ૪
શ્રી ગુરુદેવ પ્રસાદસેં, હોત મનોરથ સિદ્ધ;
ઘન વરસત વેલી તરુ, ફૂલ ફલનકી વૃદ્ધ. ૫
પંચ પરમેષ્ટિ દેવકો, ભજનપૂર પહિચાન;
કર્મ અરિ ભાજે સભી, હોવે પરમ કલ્યાન. ૬
શ્રી જિનયુગ પદકમળમેં, મુજ મન ભ્રમર વસાય;
કબ ઊગે વો દિનકરુ, શ્રીમુખ દરિસન પાય. ૭
પ્રણમી પદપંકજ ભણી, અરિગંજન અરિહંત;
કથન કરૌં અબ જીવકો, કિંચિત મુજ વિરતંત[2]. ૮

---

૧ અનિષ્ટ   ૨ વૃતાંત, વર્તન

આરંભ વિષય કષાયવશ, ભમિયો કાળ અનંત;
લક્ષચોરાશી યોનિસેં, અબ તારો ભગવંત. ૯
દેવ ગુરુ ધર્મ સૂત્રમેં, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિથ્યા[1] દુષ્કૃત મોય. ૧૦
મિથ્યા મોહ અજ્ઞાનકો, ભરિયો રોગ અથાગ;
વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ જ્ઞાન વિરાગ. ૧૧
જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
પ્રભુ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર. ૧૨
બુરા બુરા સબકો કહે, બુરા ન દીસે કોઈ;
જો ઘટ શોધે આપનો, મોસું બુરા ન કોઈ. ૧૩
કહેવામાં આવે નહીં, અવગુણ ભર્યા અનંત;
લિખવામાં ક્યું કર લિખું, જાણો શ્રી ભગવંત. ૧૪
કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુજ છેદ;
મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫
પતિત ઉદ્ધારન નાથજી, અપનો બિરુદ વિચાર;
ભૂલચૂક સબ માહરી, ખમીએ વારંવાર. ૧૬
માફ કરો સબ માહરા, આજ તલકના દોષ;
દીનદયાળુ દો મુઝે, શ્રદ્ધા શીલ સંતોષ. ૧૭
આતમનિંદા શુદ્ધ ભની, ગુનવંત વંદન ભાવ;
રાગદ્વેષ પતલા કરી, સબસેં ખીમત ખીમાવ[2]. ૧૮

---

૧. મારાં માઠાં કામ નિષ્ફળ થાઓ. ૨. ક્ષમી ક્ષમાવો.

છૂટું પિછલાં પાપસેં, નવાં ન બાંધું કોઈ;
શ્રી ગુરુદેવ પ્રસાદસેં, સફલ મનોરથ હોઈ. ૧૯
પરિગ્રહ મમતા તજી કરી, પંચમહાવ્રત ધાર;
અંત સમય આલોચના, કરું સંથારો સાર. ૨૦
તીન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે નિત મન્ન;
શક્તિ સાર[1] વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન. ૨૧
અરિહા દેવ નિર્ગ્રંથ ગુરુ, સંવર નિર્જર ધર્મ;
આગમ શ્રી કેવલી કથિત, એહિ જૈન મત મર્મ. ૨૨
આરંભ વિષયકષાય તજ, શુદ્ધ સમકિત વ્રત ધાર;
જિન આજ્ઞા પરમાન કર, નિશ્ચય ખેવો[2] પાર. ૨૩
ક્ષણ નિકમો રહનો નહીં, કરનો આતમ કામ;
ભણનો ગુણનો શીખનો, રમનો જ્ઞાનારામ. ૨૪
અરિહા સિદ્ધ સબ સાધુજી, જિનાજ્ઞા ધર્મસાર;
માંગલિક ઉત્તમ સદા, નિશ્ચય શરણાં ચાર. ૨૫
ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો ચાવ[3];
નરભવ સફલો જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૬

**દોહા**

સિદ્ધો જૈસો જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય;
કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ૧
કર્મ પુદ્‌ગલ રૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;
દો મિલકર બહુરૂપ હૈ, વિછડ્યાં[4] પદ નિરવાન. ૨

---

૧. અનુસાર, પ્રમાણે ૨. ઊતરો ૩. ઉત્સાહ ૪. છૂટા થયે

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય. ૩
દ્રવ્ય થકી જીવ એક હૈ, ક્ષેત્ર અસંખ્ય પ્રમાન;
કાળ થકી રહૈ સર્વદા, ભાવે દર્શન જ્ઞાન. ૪
ગર્ભિત પુદ્‌ગલ પિંડમેં, અલખ અમૂરિત દેવ;
ફિરે સહજ ભવચક્રમેં, યહ અનાદિકી ટેવ. ૫
ફૂલ અત્તર ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;
યું ચેતન જડ કરમ સંગ, બંધ્યો મમતા પાય. ૬
જો જો પુદ્‌ગલકી દશા, તે નિજ માને હંસ[1];
યાહી ભરમ વિભાવતેં, બઢે કરમકો વંશ. ૭
રતન બંધ્યો ગઠડી વિષે, સૂર્ય છિપ્યો ઘનમાંહિ;
સિંહ પિંજરામેં દિયો, જોર ચલે કછુ નાંહિ. ૮
જ્યું બંદર મદિરા પિયા, વિછુ ડંકિત ગાત;
ભૂત લગ્યો કૌતુક કરે, કર્મો કા ઉત્પાત. ૯
કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૦
શુદ્ધ ચેતન ઉજ્જવલ દરવ[2], રહ્યો કર્મ મલ છાય;
તપ સંયમસેં ધોવતાં, જ્ઞાનજ્યોતિ બઢ[3] જાય. ૧૧
જ્ઞાન થકી જાને સકલ, દર્શન શ્રદ્ધા રૂપ;
ચારિત્રથી આવત રુકે, તપસ્યા ક્ષપન સરૂપ. ૧૨

---

૧. જીવ ૨. દ્રવ્ય ૩. વધી જાય.

કર્મ રૂપ મલકે શુધે, ચેતન ચાંદી રૂપ;
નિર્મળ જ્યોતિ પ્રગટ ભયાં, કેવળજ્ઞાન અનૂપ. ૧૩
મૂસી[1] પાવક સોહગી, ફૂકાંતનો ઉપાય;
રામચરણ ચારુ મિલ્યા, મૈલ કનકકો જાય. ૧૪
કર્મરૂપ બાદલ મિટે, પ્રગટે ચેતન ચંદ;
જ્ઞાન રૂપ ગુન ચાંદની, નિર્મળ જ્યોતિ અમંદ. ૧૫
રાગદ્વેષ દો બીજસેં, કર્મબંધકી વ્યાધ[2];
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, પાવે મુક્તિ સમાધ[3]. ૧૬
અવસર વીત્યો જાત હૈ, અપને[4] વશ કછુ હોત;
પુણ્ય છતાં પુણ્ય હોત હૈ, દીપક દીપકજ્યોત. ૧૭
કલ્પવૃક્ષ ચિંતામણી, ઈન ભવમેં સુખકાર;
જ્ઞાન વૃદ્ધિ ઈનસે અધિક, ભવદુઃખ ભંજનહાર. ૧૮
રાઈમાત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ ધ્યાન[5]. ૧૯
દૂજા[6] કુછ ભી ન ચિંતીએ, કર્મબંધ બહુ દોષ;
ત્રીજા[7] ચોથા[8] ધ્યાયકે, કરીએ મન સંતોષ. ૨૦
ગઈ વસ્તુ સોચે નહીં, આગમ વાંછા નાંહિ;
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહિ. ૨૧

---

૧. સોનું ગાળવાની કુલડી. ૨. વ્યાધિ, રોગ. ૩. સમાધિ, સુખ. ૪. પોતાના હાથમાં અવસર હોય ત્યારે કંઈ બને છે. ૫. આર્ત-દુઃખરૂપ પરિણામ. ૬. રૌદ્ર-પાપરૂપ પરિણામ. ૭. ધર્મ-શુભ ભાવરૂપ પરિણામ. ૮. શુક્લ - શુધ્ધ પરિણામ.

અહો ! સમદ્રષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતર્ગત ન્યારો રહે, (જ્યું) ધાવ ખિલાવે બાળ. ૨૨
સુખ દુઃખ દોનું વસત હૈ, જ્ઞાનીકે ઘટ માંહિ;
ગિરિ[૧] સર[૨] દીસે મુકરમેં[૩], ભાર ભીંજવો નાંહિ. ૨૩
જો[૪] જો પુદ્‍ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા સમતા ભાવસેં, કરમ બંધ-ક્ષય હોય. ૨૪
બાંધ્યા સોહી ભોગવે, કર્મ[૫] શુભાશુભ ભાવ;
ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ. ૨૫
બાંધ્યાં બિન ભુગતે નહીં, બિનભુગત્યાં[૬] ન છુટાય;
આપ હી કરતા ભોગતા, આપ હી દૂર કરાય. ૨૬
પથ કુપથ ઘટવધ કરી, રોગ હાનિ વૃદ્ધિ થાય;
પુણ્ય પાપ કિરિયા કરી, સુખ દુઃખ જગમેં પાય. ૨૭
સુખ દીધે સુખ હોત હૈ, દુઃખ દીધાં દુઃખ હોય;
આપ હણે નહીં અવરકું, (તો) અપને હણે ન કોય. ૨૮
જ્ઞાન ગરીબી ગુરુવચન, નરમ વચન નિર્દોષ;
ઈનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ. ૨૯
સત મત છોડો હો નરા ! લક્ષ્મી ચૌગુની હોય;
સુખ દુઃખ રેખા કર્મકી, ટાલી ટલે ન કોય. ૩૦

---

૧. પર્વત. ૨. સરોવર. ૩. દર્પણમાં. ૪. જે જે પુદ્‍ગલોનો સ્પર્શ થવાનો છે, તે નક્કી થશે. તેમાં મમતાભાવથી કર્મબંધ અને સમતાભાવથી કર્મક્ષય થાય છે. ૫. બાંધેલા કર્મ ભોગવતાં શુભાશુભ ભાવથી ફળ થાય છે. સમભાવમાં ચિત્ત હોય તો નિર્જરા થાય છે. ૬. ભોગવ્યા વિના

ગોધન ગજધન રતનધન, કંચન ખાન સુખાન;
જબ આવે સંતોષધન, સબ ધન ધૂલ સમાન. ૩૧
શીલ રતન મહોટો રતન, સબ રતનાંકી ખાન;
તીન લોકકી સંપદા, રહી શીલમેં આન[1]. ૩૨
શીલે સર્પ ન આભડે[2], શીલે શીતલ આગ;
શીલે અરિ કરિ કેસરી, ભય જાવે સબ ભાગ. ૩૩
શીલ રતનકે પારખુ, મીઠા બોલે બૈન;
સબ જગસેં ઊંચા રહે, (જો) નીચા રાખે નૈન. ૩૪
તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુઃખ;
કર્મ રોગ પાતિક ઝરે, દેખત સદ્ગુરુ મુખ. ૩૫

**દોહા**

પાન ખરંતા ઈમ કહે, સુન તરુવર વનરાય;
અબકે[3] વિછુરે કબ મિલે, દૂર પડેંગે જાય. ૧
તબ તરુવર ઉત્તર દિયો, સુનો પત્ર એક બાત;
ઈસ ઘર ઐસી રીત હૈ, ઈક આવત ઈક જાત. ૨
વરસ[4] દિનાકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય;
મૂરખ નર સમજે નહીં, વરસ ગાંઠકો જાય. ૩

**સોરઠો**

પવન[5] તણો વિશ્વાસ, કિણ કારણ તેં દ્રઢ કિયો?
ઈનકી એહી રીત, આવે કે આવે નહીં. ૪

---

૧. આવીને ૨. અથડાય. ૩. હમણાં છૂટાં પડેલા ક્યારે મળીશું?
૪. વર્ષગાંઠનો દિવસ ઊજવે છે. ૫. વા, શ્વાસોશ્વાસ

## દોહા

કરજ[1] બિરાના કાઢકે, ખરચ કિયા બહુ નામ;
જબ મુદત પૂરી હુવે, દેના પડશે દામ. ૧
બિનું દિયા છૂટે નહીં, યહ નિશ્ચય કર માન;
હસ હસકે ક્યું ખરચીએ, દામ બિરાના જાન. ૨
જીવ હિંસા કરતાં થકાં, લાગે મિષ્ટ અજ્ઞાન[2];
જ્ઞાની ઈમ જાને સહી, વિષ મિલિયો પકવાન. ૩
કામ ભોગ પ્યારા લગે, ફલ કિંપાક[3] સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૪
જપ તપ સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;
સુખકારન પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૫
ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયનકો ચાવ;
ભવસાગર દુઃખજલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૬
ચઢ ઉત્તંગ જહાંસે પતન, શિખર નહીં વો કૂપ;
જિસ સુખ અંદર દુઃખ વસે, સો સુખ ભી દુઃખરૂપ. ૭
જબ લગ જિનકે પુણ્યકા, પહોંચત હૈ[4] કરાર;
તબ લગ ઉસકો માફ હૈ, અવગુન કરે હજાર. ૮
પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;
દાજે વનકી લાકરી, પ્રજલે આપોઆપ. ૯

---

૧. પારકા વ્યાજે લાવી. ૨. અજ્ઞાનીને. ૩. ઝેરી ઝાડનું નામ.
૪. જ્યાં સુધી પુણ્ય હોય ત્યાં સુધી અશાતા આવતી નથી.

પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;
દાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ. ૧૦
બહુ વીતી થોડી રહી, અબ તો સુરત[૧] સંભાર;
પરભવ નિશ્ચય ચાલનો, વૃથા જન્મ મત હાર. ૧૧
ચાર કોશ ગ્રામાંતરે, ખરચી બાંધે લાર[૨];
પરભવ નિશ્ચય જાવણો, કરીએ ધર્મ વિચાર. ૧૨
રજ વિરજ ઊંચી ગઈ, નરમાઈકે[૩] પાન;
પત્થર ઠોકર ખાત હૈં, કરડાઈકે[૪] તાન. ૧૩
અવગુન ઉર ધરીએ નહીં, જો હુવે વિરખ બબૂલ[૫];
ગુન લીજે કાલુ કહે, નહીં છાયામેં સૂલ. ૧૪
જૈસી જાપે વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;
વાકા બુરા ન માનીએ, કહાં લેને વો જાય ? ૧૫
ગુરુ કારીગર સારિખા, ટાંકી[૬] વચન વિચાર;
પત્થરસે પ્રતિમા કરે, પૂજા લહે અપાર. ૧૬
સંતનકી સેવા કિયા, પ્રભુ રીઝત હૈ આપ;
જાકા બાલ ખિલાઈએ, તાકા રીઝત બાપ. ૧૭
ભવસાગર સંસારમેં, દીપા શ્રી જિનરાજ;
ઉદ્યમ કરી પ્હોંચે તીરે, બેઠી ધર્મ જહાજ. ૧૮
નિજ આતમકું દમન કર, પર આતમકું ચીન;
પરમાતમકો ભજન કર, સોઈ મત પરવીન. ૧૯

---

૧. લક્ષ. ૨. સાથે. ૩. નરમાશપણાથી. ૪. સખતાઈ. ૫. બાવળનું વૃક્ષ.
૬. ટાંકણારૂપ વચન ગણ.

સમજુ શંકે[1] પાપસેં, અણસમજુ હરખંત;
વે લૂખાં વે ચીકણા, ઈણ વિધ કર્મ બધંત. ૨૦
સમજ સાર સંસારમેં, સમજુ ટાળે દોષ;
સમજ સમજ કરી જીવ હી, ગયા અનંતા મોક્ષ. ૨૧
ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કિરિયા જતન વિવેકસેં, મિટે કર્મ દુઃખરોગ. ૨૨
રોગ મિટે સમતા વધે, સમકિત વ્રત આરાધ;
નિર્વૈરી સબ જીવસેં, પાવે મુક્તિ સમાધ. ૨૩

ઈતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં

## શ્રી પંચપરમેષ્ઠિ ભગવદ્ભ્યો નમઃ

**દોહા**

અનંત ચૌવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
વર્તમાન જિનવર સવે, કેવલી દો નવ ક્રોડ.
ગણધરાદિ સબ સાધુજી સમકિત વ્રત ગુણધાર;
યથાયોગ્ય વંદન કરું, જીનઆજ્ઞા અનુસાર.

ૐ નમો અરિહંતાણં
ૐ નમો સિધ્ધાણં
ૐ નમો આયરિયાણં
ૐ નમો ઉવજ્ઝાયાણં
ૐ નમો લોએ સવ્વ સાહૂણં

પ્રણમી પદપંકજ ભની, અરિગંજન અરિહંત;
કથન કરું હવે જીવનું, કિંચિત્ મુજ વિરતંત.

## અંજનાની દેશી

હું અપરાધી અનાદિકો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;
લૂંટીઆ પ્રાણ છ કાયના, સેવ્યાં પાપ અઢારાં કરૂર કે.

(હવેનું ગદ્ય મૂળ હિંદી ભાષામાં છે તેનું ગુર્જર ભાષાંતર મૂક્યું છે.)

આજ સુધી આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદ્દહણા, પ્રરૂપણા, ફરસના, સેવનાદિક સંબંધી પાપદોષ લાગ્યા તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

અજ્ઞાનપણે, મિથ્યાત્ત્વપણે, અવ્રતપણે, કષાયપણે, અશુભયોગે કરી, પ્રમાદે કરી અપછંદ-અવિનીતપણું મેં કર્યું તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવળજ્ઞાની મહારાજની, શ્રી ગણધરદેવની, શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઉપાધ્યાયની અને શ્રી સાધુ-સાધ્વીની, શ્રાવક-શ્રાવિકાની, સમદ્રષ્ટિ સાધર્મી ઉત્તમ પુરુષોની, શાસ્ત્રસૂત્રપાઠની, અર્થ પરમાર્થની ધર્મ સંબંધી અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, આશાતનાદિક કરી, કરાવી, અનુમોદી, મન, વચન અને કાયાએ કરી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના, સેવનાદિક યથાયોગ્ય અનુક્રમે નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો, ક્ષમા કરો; હું મન, વચન, કાયાએ કરી ખમાવું છું.

## દોહા

અપરાધી ગુરુ દેવકો, તીન ભુવનકો ચોર;
ઠગું વિરાણા માલમેં, હા હા કર્મ કઠોર.
કામી કપટી લાલચી, અપછંદા અવિનીત;
અવિવેકી ક્રોધી કઠિન, મહાપાપી ભયભીત.
જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
નાથ તુમ્હારી સાખસેં, વારંવાર ધિક્કાર.

**પહેલું પાપ પ્રાણાતિપાત :-**

છકાયપણે મેં છકાય જીવની વિરાધના કરી; પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય,ચૌરિન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, ગર્ભજ, ચૌદે પ્રકારે સંમૂર્છિમ આદિ ત્રસ-સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી, મન, વચન અને કાયાએ કરી, ઊઠતાં, બેસતાં, સૂતાં, હાલતાં, ચાલતાં, શસ્ત્ર, વસ્ત્ર, મકાનાદિકના ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાં, દેતાં, વર્તતાં, વર્તાવતાં, અપડિલેહણા, દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના, દુ:પ્રમાર્જના સંબંધી, અધિકી, ઓછી, વિપરીત પૂજના પડિલેહણા સંબંધી અને આહાર વિહારાદિક નાના પ્રકારના ઘણા ઘણા કર્તવ્યોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવના જેટલા પ્રાણ લૂટયાં, તે સર્વ જીવોનો હું પાપી, અપરાધી છું, નિશ્ચય કરી બદલાનો દેણદાર છું. સર્વ જીવ મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો. દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં. વારંવાર ક્ષમાવું છું. તમે સર્વે ક્ષમજો.

**खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।**
**मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ ।।**

તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છએ કાયના જીવોના વૈર બદલાથી નિવૃત્તિ પામીશ. સર્વ ચોરાસી લાખ જીવયોનિને અભયદાન દઈશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

બીજું પાપ મૃષાવાદ :-

ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યે કરી, ભયવશે ઈત્યાદિક કરી મૃષા વચન બોલ્યો, નિંદા-વિકથા કરી, કર્કશ, કઠોર, માર્મિક ભાષા બોલી ઈત્યાદિક અનેક પ્રકારે મૃષા, જૂઠું બોલ્યો, બોલાવ્યું, બોલતા પ્રત્યે અનુમોદ્યું તે સર્વે મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

ત્રીજું પાપ અદત્તાદાન :-

અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણ ઓળવી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિક વિરુદ્ધની તથા અલ્પ ચોરી તે ઘર સંબંધી નાના પ્રકારના કર્તવ્યોમાં ઉપયોગ સહિતે ને ઉપયોગ રહિતે ચોરી કરી, કરાવી, કરતા પ્રત્યે અનુમોદી, મન-વચન-કાયાએ કરી; તથા ધર્મ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા વગર કર્યાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમ કલ્યાણમય દિન થશે.

ચોથું પાપ અબ્રહ્મ પાપસ્થાનક :-

મૈથુન સેવવામાં મન, વચન અને કાયાના યોગ પ્રવર્તાવ્યા; નવ-વાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહીં; નવ-વાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી, પોતે સેવ્યું, બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન, વચન, કાયાએ કરી મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવ વાડ સહિત બ્રહ્મચર્ય-શીલરત્ન આરાધીશ, સર્વથા પ્રકારે કામવિકારોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

પાંચમું પાપ પરિગ્રહ પાપસ્થાનક :-

સચિત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ આદિ, મણિ, પત્થર આદિ અનેક પ્રકારે છે અને અચિત પરિગ્રહ સોનું, રૂપું, વસ્ત્ર,આભરણ આદિ અનેક વસ્તુ છે. તેનું મમતા, મૂર્છા, પોતાપણું કર્યું; ક્ષેત્ર, ઘર આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધરતા પ્રત્યે અનુમોદ્યો તથા રાત્રિભોજન, અભક્ષ્ય આહારાદિ સંબંધી પાપ દોષ સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી સંસારના પ્રપંચોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

છઠ્ઠું પાપ ક્રોધ પાપસ્થાનક :-

ક્રોધ કરીને પોતાના આત્માને અને પરના આત્માને તપ્તાયમાન કર્યા, દુ:ખિત કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સાતમું માન પાપસ્થાનક :-**

માન એટલે અહંભાવ સહિત ત્રણ ગારવ અને આઠ મદ આદિ કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**આઠમું માયા પાપસ્થાનક :-**

સંસાર સંબંધી તથા ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**નવમું લોભ પાપસ્થાનક :-**

મૂર્છાભાવ કર્યો, આશા, તૃષ્ણા વાંચ્છાદિક કર્યા , તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**દશમું રાગ પાપસ્થાનક :-**

મનગમતી વસ્તુઓમાં સ્નેહ કીધો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અગિયારમું દ્વેષ પાપસ્થાનક :-**

અણગમતી વસ્તુ જોઈ દ્વેષ કર્યો. તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**બારમું કલહ પાપસ્થાનક :-**

અપ્રશસ્ત વચન બોલી કલેશ ઉપજાવ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**તેરમું અભ્યાખ્યાન પાપસ્થાનક :-**

અછતાં આળ દીધાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**ચૌદમું પૈશુન્ય પાપસ્થાનક :-**

પરની ચુગલી ચાડી કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**પંદરમું પરપરિવાદ પાપસ્થાનક :-**

બીજાનાં અવગુણ, અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સોળમું રતિ-અરતિ પાપસ્થાનક :-**

પાંચ ઈન્દ્રિયના ૨૩ વિષયો, ૨૪૦ વિકારો છે તેમાં મનગમતામાં રાગ કર્યો, અણગમતામાં દ્વેષ કર્યો, સંયમ, તપ આદિમાં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ અસંયમ પ્રમાદમાં રતિભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સત્તરમું માયામૃષાવાદ પાપસ્થાનક :-**

કપટ સહિત જૂઠું બોલ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અઢારમું મિથ્યાદર્શનશલ્ય પાપસ્થાનક :-**

શ્રી જિનેશ્વર દેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એવમ્ અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; અર્થે, અનર્થે, ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યાં, દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં, સૂતા વા જાગતાં, આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભવોમાં પરિભ્રમણ કરતાં આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગ-દ્વેષ, વિષય-કષાય, આળસ, પ્રમાદાદિક, પૌદ્‌ગલિક પ્રપંચ, પરગુણ પર્યાયને પોતાના માનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી; જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, ચારિત્રની વિરાધના કરી, દેશચારિત્રની વિરાધના કરી, તપની વિરાધના કરી; શુદ્ધ શ્રદ્ધા-શીલ, સંતોષ, ક્ષમાદિક નિજ સ્વરૂપની વિરાધના કરી; ઉપશમ, વિવેક, સંવર, સામાયિક, પોસહ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત, પચ્ચખાણ, દાન, શીલ, તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક મન, વચન અને કાયાએ કરી નહીં, કરાવી નહીં, અનુમોદી નહીં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

છયે આવશ્યક સમ્યક્ પ્રકારે વિધિ-ઉપયોગ સહિત આરાધ્યા નહીં, પાળ્યા નહીં, સ્પર્શ્યા નહીં, વિધિ ઉપયોગ રહિત-નિરાદરપણે કર્યાં, પરંતુ આદર-સત્કાર, ભાવ-ભક્તિ સહિત નહીં કર્યા; જ્ઞાનના ચૌદ, સમકિતના પાંચ, બાર વ્રતના સાઠ, કર્માદાનના પંદર, સંલેખનાનાં પાંચ એવમ્ નવ્વાણું અતિચારમાં તથા ૧૨૪ અતિચાર મધ્યે તથા સાધુના ૧૨૫ અતિચાર મધ્યે તથા બાવન અનાચરણના શ્રદ્ધાદિકમાં વિરાધનાદિ જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિ સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, જાણતાં અજાણતાં મન વચન કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મેં જીવને અજીવ સદ્દહ્યા, પ્રરૂપ્યા; અજીવને જીવ સદ્દહ્યા, પ્રરૂપ્યા; ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ સદ્દહ્યા, પ્રરૂપ્યા; સાધુને અસાધુ અને અસાધુને સાધુ સદ્દહ્યા, પ્રરૂપ્યા; તથા ઉત્તમ પુરુષ, સાધુ, મુનિરાજ, સાધ્વીજીની સેવા ભક્તિ યથાવિધિ માનતાદિ નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી તથા અસાધુઓની સેવા ભક્તિ આદિ માનતા, પક્ષ કર્યો; મુક્તિના માર્ગમાં સંસારનો માર્ગ યાવત્ પચીસ મિથ્યાત્વમાંના મિથ્યાત્વ સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, મને કરી, વચને કરી, કાયાએ કરી, પચીસ કષાય સંબંધી, પચીસ ક્રિયા સંબંધી, તેત્રીશ આશાતના સંબંધી, ધ્યાનના ઓગણીસ દોષ, વંદનાના બત્રીસ દોષ, સામાયિકના બત્રીસ દોષ અને પોસહના અઢાર દોષ સંબંધી મને, વચને, કાયાએ કરી જે કાંઈ પાપ દોષ લાગ્યાં, લગાવ્યાં, અનુમોદ્યાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મહામોહનીય કર્મબંધના ત્રીસ સ્થાનકને મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં; શીલની નવ વાડ, આઠ પ્રવચન માતાની વિરાધનાદિ તથા શ્રાવકના એકવીસ ગુણ અને બાર વ્રતની વિરાધનાદિ મન, વચન અને કાયાએ કરી, કરાવી, અનુમોદી તથા ત્રણ અશુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની સેવના કરી અને ત્રણ શુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની વિરાધના કરી; ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વર દેવનો માર્ગ લોપ્યો, ગોપવ્યો, નહીં માન્યો, અછતાની સ્થાપના કરી પ્રવર્તાવ્યો, છતાની સ્થાપના કરી નહીં અને અછતાની નિષેધના કરી નહીં, છતાની સ્થાપના અને અછતાનો નિષેધ કરવાનો નિયમ કર્યો નહીં, કલુષતા કરી તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમજ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ યાવત્ આઠ કર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી, બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી, બંધાવી, અનુમોદી, મને કરી, વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી ક્રોડાક્રોડી યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત બોલ પર્યંત મેં જાણવા યોગ્ય બોલને સમ્યક્પ્રકારે જાણ્યા નહીં, સદ્દહ્યા-પ્રરૂપ્યા નહીં તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી યાવત્ અનંતા બોલમાં છાંડવા યોગ્ય બોલને છાંડયા નહીં અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ આદર્યા નહીં, આરાધ્યા-પાળ્યા-સ્પર્શ્યા નહીં, વિરાધના ખંડનાદિક કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

હે જિનેશ્વર વીતરાગ! આપની આજ્ઞા આરાધવામાં જે જે પ્રમાદ કર્યો, સમ્યક્ પ્રકારે ઉદ્યમ નહીં કર્યો, નહીં કરાવ્યો, નહીં અનુમોદ્યો; મન, વચન, કાયાએ કરી અથવા અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો; એક અક્ષરના અનંતમા ભાગ માત્ર-કોઈ સ્વપ્નમાત્રમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન-અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

તે મારો દિવસ ધન્ય હશે કે જે દિવસે હું આપની આજ્ઞામાં સર્વથા પ્રકારે સમ્યક્પણે પ્રવર્તીશ.

------

## દોહા

શ્રદ્ધા અશુદ્ધ પ્રરૂપણા, કરી ફરસના સોય;
અનજાને પક્ષપાતમેં, મિચ્છા દુક્કડ મોય. ૧
સૂત્ર અર્થ જાનું નહીં, અલ્પબુદ્ધિ અનજાન;
જિનભાષિત સબ શાસ્ત્રકા, અર્થ પાઠ પરમાન. ૨
દેવગુરુ ધર્મ સૂત્રકું, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિચ્છા દુક્કડ મોય. ૩
હું મગસેલીઓ હો રહ્યો, નહી જ્ઞાન રસભીજ;
ગુરુસેવા ન કરી શકું, કિમ મુજ કારજ સીઝ. ૪
જાને દેખે જે સુને, દેવે સેવે મોય;
અપરાધી ઉન સબનકો, બદલા દેશું સોય. ૫
જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય કષાય;
એહ અચંબા હો રહ્યા, જલમેં લાગી લાય. ૬
એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠયો થો જિન ભજનકું, બિચમેં લિયો માર. ૭

## સવૈયા

સંસાર છાર તજી ફરી, છારનો વેપાર કરું,
પહેલાંનો લાગેલો કીચ, ધોઈ કીચ બીચ ફરું;
તેમ મહાપાપી હું તો, માનું સુખ વિષયથી,
કરી છે ફકીરી એવી, અમીરીના આશયથી. ૮

## દોહા

ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષય વચન જિમ આહાર;
તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર. ૯
કામી કપટી લાલચી, કઠણ લોહકો દામ;
તુમ પારસ પરસંગથી, સુવરન થાશું સ્વામ. ૧૦
જપ તપ સંવર હીન હું, વળી હું સમતા હીન;
કરુણાનિધિ કૃપાળ હે ! શરણ રાખ, હું દીન. ૧૧
નહીં વિદ્યા નહીં વચનબળ, નહીં ધીરજ ગુણ જ્ઞાન;
તુલસીદાસ ગરીબકી, પત રાખો ભગવાન. ૧૨
આઠ કર્મ પ્રબળ કરી, ભમીઓ જીવ અનાદિ;
આઠ કર્મ છેદન કરી, પાવે મુક્તિ સમાધિ. ૧૩
સુસા જૈસે અવિવેક હું, આંખ મીંચ અંધિયાર;
મકડી[1] જાલ બિછાયકે, ફસું આપ ધિક્કાર. ૧૪
સબ ભક્ષી જિમ અગ્નિ હું, તપીઓ વિષય કષાય;
અવછંદા અવિનીત મૈં, ધર્મી ઠગ દુઃખદાય. ૧૫
કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;
નાગ ત્યજી જિમ કાંચલી, વિષ નહીં તજિયો અંગ. ૧૬
પુત્ર કુપાત્ર જ મેં હુઓ, અવગુણ ભર્યો અનંત;
યાહિત વૃદ્ધ વિચારકે, માફ કરો ભગવંત. ૧૭
શાસનપતિ વર્ધમાનજી, તુમ લગ મેરી દોડ;
જૈસે[2] સમુદ્ર જહાજ વિણ, સૂઝત ઔર ન ઠોર. ૧૮

---

૧. કરોળિયો ૨. સમુદ્રમાં વહાણનાં પક્ષીને બીજે ઊડીને જવાનું સ્થળ નથી તેમ.

ભવભ્રમણ સંસાર દુઃખ, તાકા વાર ન પાર;
નિર્લોભી સદ્ગુરુ બિના, કવણ ઉતારે પાર. ૧૯

શ્રી પંચપરમેષ્ટિ ભગવંત ગુરુદેવ મહારાજ, આપની સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિમાર્ગ યથાશક્તિએ શુદ્ધ ઉપયોગ સહિત આરાધન, પાલન, સ્પર્શન કરવાની આજ્ઞા છે. વારંવાર શુભ ઉપયોગ સંબંધી સજ્ઝાય, ધ્યાનાદિક અભિગ્રહ-નિયમ પચ્ચખાણાદિ કરવા, કરાવવાની સમિતિ-ગુપ્તિ આદિ સર્વ પ્રકારે આજ્ઞા છે.

નિશ્ચે ચિત શુધ મુખ પઢત, તીન યોગ થિર થાય;
દુર્લભ દીસે કાયરા, હલુ કર્મી ચિત ભાય. ૧
અક્ષર પદ હીણો અધિક, ભૂલચૂક કહી હોય;
અરિહા સિદ્ધ નિજ સાખસેં, મિચ્છા દુક્કડ મોય. ૨

## ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં.

બૃહદ - આલોચના સમાપ્ત

---------

# ક્ષમાપના પાઠનું પદ્ય

(શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત)

હે નાથ! ભૂલી હું ભવસાગરમાં ભટક્યો;
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો.
તમ વચન અમૂલખ, લક્ષમાંહી નહિ લીધાં;
નહિ તત્ત્વ વિચારથી, કહ્યાં તમારાં કીધાં.
સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું;
તજી યાદી આપની, મેં જ બગાડયું મારું.
પ્રભુ! દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી;
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી.
હું ભૂલ્યો, આથડયો, અને રખડયો ભારી;
આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી.
હું પાપી મદોન્મત, મલિન કર્મના રજથી;
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહીં, પ્રભુ મુજથી.
હે પરમાત્મા! હું પ્રપંચમાંહી પડયો છું;
હું મૂઢ, નિરાશ્રિત, મહા ખુવાર બન્યો છું.
બની અંધ અમિત અજ્ઞાનથી ભૂલ્યો ભક્તિ;
નથી નિશ્ચય મુજમાં, નાથ! વિવેકની શક્તિ.
ઓ રાગ રહિત પ્રભુ! મુજને જાણી અનાથ;
આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ.
હું શરણ હવે તો, ગ્રહણ કરું છું તમારું;
તુમ ધર્મ સાથ તુમ, મુનિનું શરણ સ્વીકારું.

હું માગું છું પ્રભુ! મુજ અપરાધની માફી;
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંહી.
એ અભિલાષા અવિનાશી, પૂરણ કરજો;
મુજ દોષ દયાનિધિ દેવ, દિલે નવિ ધરજો.
હું પાપનો પશ્ચાતાપ હવે કરું છું;
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું.
તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે;
એ મુજ સ્વરૂપનો, વિકાસ નાથ કરે છે.
છો આપ નીરાગી, અનંત ને અવિકારી;
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ ગણું સુખકારી.
છો સહજાનંદી અનંતદર્શી જ્ઞાની;
ત્રૈલોક્ય પ્રકાશક, નાથ! શુ આપું નિશાની?
મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી;
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી.
તુમ પ્રણીત તત્ત્વમાં, શંકાશીલ ન થાઉં;
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં.
મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો;
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો.
હે સર્વજ્ઞ પ્રભુ! શું વિશેષ કહું હું તમને;
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને.
હું કેવળ પશ્ચાતાપથી દિલ દહું છું;
મુજ કર્મજન્ય પાપની ક્ષમા ચાહું છું.
ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ;
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ.

---------

# ક્ષમાપના

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારા કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબનામાં પડયો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું. અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા ! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

ૐ શાંતિઃ શાતિઃ શાંતિઃ

(શિક્ષાપાઠ ૫૬)

ૐ

જગદ્ ભૂષણ જિનવરા, જગદ્ વંદ્ય જગમાંય;
યજ્ઞ કર્મના દૂષણને, પાવન કરો પળમાંય.

**સ્વધર્મ-બંધુ**

કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,
છોડયાં હશે વળી વાક્શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં;
ચિંતવ્યુ હશે બૂરું તમારું, મન મહીં આ વરસમાં;
દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમાં.
દોષનો દેણદાર હું, દેવું પતાવા મરું મથી;
માફી મૂડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી;
બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મૂડી થકી,
જંજીર જડેલાં હાલ તોડો, કાલ મૃત્યુ છે નકી.

સ્મૃતિનું સરોવર જોઈએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી 'હશે' એવી ઉડાઉ કબૂલાત માફીની પરમ જિજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી, એમ વિચારશો.

દોષના દાવાનળને બુઝાવનાર પરમ શીતલમય પર્વનો અદ્ભુત અનુભવ માત્ર દોષ રહિત વિરલાને જ થાય. મમ જેવા રાંકને શું ?

એ જ નામું માંડી વાળવા વિનંતિ.

## મિચ્છા મિ દુક્કડં.

આ ભવને ભવો-ભવ મહીં, થયું વેર વિરોધ;
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ,
તે સવિ મિચ્છા મિ દુક્કડં.
જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય;
વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય.
સમભાવી આતમ થશે.
ભારે કર્મી જીવડા, પીવે વેરનું ઝેર;
ભવ અટવીમાં તે ભમે, પામે નહિ શિવ લહેર,
ધર્મનું મર્મ વિચારજો.

### અશુદ્ધાત્માની પ્રાર્થના

અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે:-

હે પરમેશ્વર! શુદ્ધાત્મા! મારા હૃદયને દયાથી ભરપૂર કર. હે સત્ય! મારા હૃદયમાં આવ.

હે શીલના સ્વામી! મને કુશીલથી બચાવ. મને સંતોષથી ભરપૂર કર કે જેથી હું પરવસ્તુ પર નજર ન કરું. જે જેને ભોગવવાને તેં આપ્યું તે હું ના ચાહું.

તું નિષ્પાપ, પૂર્ણ પવિત્ર છે. તારી પવિત્રતા મારામાં ભર.
મને પાપરહિત કર. જ્ઞાન, ધૈર્ય, શાંતિ અને નિર્ભયતા મને આપ.

તારાં પવિત્ર વચનથી મારાં પાપ ધો.

હે આનંદ! મને આનંદથી ભરપૂર કર, મને તારી તરફ ખેંચ.

હે દેવ! મેં તારી આજ્ઞા તોડી છે, તો મારો હવે શું હવાલ થશે?

હું પાપમાં બૂડી રહ્યો છું. હરઘડી પાપના કામમાં જ હર્ષ માની રહ્યો છું. તારી કૃપાદાનનું તેડું મારી તરફ આવ્યું કે તું મને પોતા તરફ બોલાવે છે. તારી પવિત્રતા મને દર વખતે ચેતવે છે કે આ પાપમાં તું ના પેસ.
માટે હવે હું તારી પવિત્રતાનું સન્માન કરું. મને પવિત્ર આત્માથી ભરપૂર કર.

તારી સર્વ આજ્ઞા પાળવાની બુદ્ધિ તથા શક્તિ મને આપ. મોહ શત્રુના કબજામાંથી મને છોડાવ. હું બાળક છું,માટે દર સમય મને બચાવ,પડવા ન દે. મને તારામાં રાખ, તું મારામાં રહે. જે તારી કૃપા નજર થઈ તે પૂરી કર.

તારા સિવાય કોઈ દાતા નથી. તારી આજ્ઞાના બગીચામાંથી મને બહાર ના મૂક. તારી શાંતિના સમુદ્રમાં મને ઝિલાવ. તારો સર્વે મહિમા મને દેખાડ.

તું આનંદ છે, તું પ્રેમ છે, તું દયા છે, તું સત્ય છે, તું સ્થિર છે, તું અચળ છે, તું નિર્ભય છે, તું એક શુદ્ધ અને નિત્ય છે, તું અબાધિત છે. તારા અનંત અક્ષય ગુણથી મને ભરપૂર કર.

દૈહિક કામનાથી અને વિષયની ભીખથી મારા દિલને વાર. કષાયની તપ્તિથી બચાવ. મારાં સર્વે વિઘ્નો દૂર કર, કે જેથી સ્થિરતા અને આનંદથી હું તારી સિદ્ધિને અનુભવું.

મારી સર્વે શુભેચ્છા તારા વચનપસાયથી પૂર. સાચા માર્ગ બતાવનાર ગુરુના પસાયથી પૂર. મને જૂઠા હઠવાદથી અને જૂઠા ધર્મથી છોડાવ. કુગુરુના ફંદથી બચાવ.

તારા પસાયથી મન, વચન ને શરીર આદિ જે શક્તિ હું પામ્યો છું તે સર્વે શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરું, અને ફોગટ વખત ન ગુમાવું એ બુદ્ધિ આપ.

તારા પસાયથી હું સર્વેને સુખનું કારણ થાઉં, કોઈને દુઃખનું કારણ ન થાઉં; માટે મને સત્ય અને દયાથી ભરપૂર કર, અને જે મને યોગ્ય હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી હંમેશા બચાવ.

---------

# ક્ષમાપનાનો પત્ર

(શ્રીમદ્ રાજચંદ્ર)

વવાણીઆ, પ્રથમ ભાદ્ર સુ. ૬, ૧૯૪૬

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત સંબંધીમાં કોઈ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ, મારા મન, વચન, કાયાના કોઈપણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી ? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું ? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંત વાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો ? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં; જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે નાના જંતુપણે શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડયું! અને તેમ કરવાની તો ઈચ્છા નહોતી! કહો એ સ્મરણ થતાં આ ક્લેષિત આત્મા પરત્વે જાુગુપ્સા નહીં આવતી હોય? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું; તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું એ ચિંતના થઈ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે. પણ કેટલીક નિરુપાયતા છે ત્યાં કેમ કરવું?

જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટણ છે, પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું. જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એમ દઢતા છે તેનું કેમ કરવું?

કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ? ત્યારે હવે કેમ કરવું?

''ગમે તેમ હો, ગમે તેટલાં દુ:ખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાંસુધી હે જીવ ! છૂટકો નથી.''

આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઈતી. અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ (આર્ય પુરુષોએ કરેલાં આચરણ) સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઈચ્છા પણ નથી.

ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે. સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે. સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી. લોકત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. "એ કંઈ ખોટું છે ?" શું ? પરિભ્રમણ કરાયું તે કરાયું. હવે તેના પ્રત્યાખ્યાન લઈએ તો ? લઈ શકાય. એ પણ આશ્ચર્યકારક છે. અત્યારે એજ. ફરી યોગવાઈએ મલીશું. એ જ વિજ્ઞાપન.

વિ. રાયચંદના યથાયોગ્ય
(પત્રાંક ૧૨૮)

## શ્રી અમિતગતિ સામાયિક પાઠ

### હરિગીત

સૌ પ્રાણી આ સંસારના, સન્મિત્ર મુજ વહાલાં થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુઃખીયા પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા. ૧

અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તરવાર પેઠે, શરીરથી વિભિન્ન છે;
હું શરીરથી જુદો ગણું એ, જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારૂં, નાથ! તે સત્વર ટળો. ૨

સુખદુઃખમાં અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખ ભોગમાં;
મમ સર્વકાળે સર્વજીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ! ૩

તુજ ચરણકમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો;
તદ્‌રૂપ થઈ એ દીવડે, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજમહીં, હું પ્રેમથી નિત્ય ડૂબતો. ૪

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ! અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહીં;
છેદી વિભેદી દુઃખ દઈ મેં, ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક, નાથ! વિનવું આપને. ૫

કષાયને પરવશ થઈ બહુ, વિષય સુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભંગ વિભુ, મુક્તિ પ્રતિકુળ થઈ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્, આચરણ મેં આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું. ૬

મન વચન કાય કષાયથી, કીધાં પ્રભુ મેં પાપ બહુ,
સંસારના દુઃખ બીજ સૌ, વાવ્યાં અરે હું શું કહું ?
તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી,
હું ભસ્મ કરતો મંત્રથી, જેમ વિષ જાતું વાદીથી. ૭

મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમના અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી;
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્તિ પામવા, માગું ક્ષમા હું હૃદયથી. ૮

મુજ મલિન મન જો થાય તો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચારે ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો;
તે અતિચારી સમજવો, જે વિષય સુખમાં મ્હાલતો,
અતિ વિષય સુખ આસક્તને, હું અનાચારી ધારતો. ૯

મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહીં, લવલેશ વધઘટ હોય તો;
યથાર્થ વાણી ભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો. ૧૦

પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઈષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો;
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગનાં દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧

સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઈન્દ્ર નર ને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ;
એ વેદ ને પુરાણ જેના, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં, ૧૨

જેનું સ્વરૂપ સમજાય છે, સદ્જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;
પરમાત્માની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં;
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૩

જે કઠિન કષ્ટો કાપતા, ક્ષણવારમાં સંસારના,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં;
યોગી જનોને ભાસતા, જે સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૪

જન્મો મરણનાં દુઃખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ;
કલંકહિન દિવ્યરૂપ જે, રહેતું નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૫

આ વિશ્વના સૌ પ્રાણી પર, શુદ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા;
વિશુદ્ધ ઈન્દ્રિય શૂન્ય જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૬

ત્રિલોકમાં વ્યાપી રહ્યા છે, સિદ્ધ ને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે;
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૭

સ્પર્શ તલભર તિમિર કેરો, થાય નહીં જ્યમ સૂર્યને,
ત્યમ દુષ્કલંકો કર્મના, અડકી શકે નહીં આપને;
જે એક ને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૮
રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભુવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મમાં શું દીપતો;
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૯
જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વદર્શન થાય છે,
જ્યમ સૂર્યના દીવા થકી, સુસ્પષ્ટ સૌ દેખાય છે;
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાનતિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૦
જેણે હણ્યા નિજ બળવડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને;
વિષાદને નિદ્રા હણ્યા, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૧
હું માગતો નહીં કોઈ આસન, દર્ભ પત્થર કાષ્ટનું,
મુજ આત્મનાં નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,
અણમૂલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો. ૨૨
મેળા બધા મુજ સંઘના, નહીં લોકપૂજા કામની,
જગબાહ્યની નહીં એક વસ્તુ, કામની મુજ ધ્યાનની;
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગબળ લે હોંશથી. ૨૩

આ જગતની કો વસ્તુમાં, તો સ્વાર્થ છે નહીં મુજ જરી,
વળી જગતની પણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહીં;
આ તત્ત્વને સમજી ભલા, તું મોહ પરનો છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં સ્થિર તું થજે. ૨૪

જે જ્ઞાનમય સહજઆત્મ તે, સ્વાત્મા થકી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, આમ અનુભવ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
સંપૂર્ણ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં. ૨૫

આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;
વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬

જો આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તો એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની ?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહપર, પામે પછી શું સ્થિરતા ? ૨૭

આ વિશ્વની કો વસ્તુમાં, જો સ્નેહ બંધન થાય છે,
તો જન્મ મૃત્યુ ચક્રમાં, ચેતન વધુ ભટકાય છે;
મુજ મન વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮

સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી;
વળી બાહ્યથી છે આત્મ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો. ૨૯

કર્મો કર્યા જે આપણે, ભૂતકાળમાં જન્મો લઈ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિ;
પરનું કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો, સમજાય નહીં કંઈ અર્થને. ૩૦

સંસારનાં સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો, ભોકતા નહીં કો આપણું;
લઈ શકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બૂરી,
પ્રભુ ધ્યાનમાં નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી. ૩૧

શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
આ દાસ તારો હૃદયથી, ગુણ ગાય તુજ સામર્થ્યના;
જો પ્રગટતા તવ ગુણ બધા, મુજ આત્મમાં સદ્‌ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી ? ૩૨

**દોહરો**

બત્રીસ ચરણનું આ બન્યું, મંગળ સુંદર કાવ્ય;
અનુભવતાં એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય. ૩૩

---